


# નગરજનો અંદાજે ૫૦ લાખનું ઉંધીયું-જલેબી ઝાપટશે



## શહેરમાં દુકાનો સહિત ૫૦થી વધુ ઉંધીયાના સ્ટોલ કાર્યરત

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં ઉતરાયણ પર્વમાં ઉંધીયું-જલેબી નાગરીકોમાં હોટ ફેવરીટ છે. ઉતરાયણ પર્વમાં સવારથી જ ઉંધીયાની ખરીદી માટે નગરજનોની લાઈન લાગે છે. ત્યારે શહેરમાં દુકાનો સહિત ૫૦ થી વધુ સ્ટોલ ઠેરઠેર સર્કલો પર લાગી ચુકયા છે. સ્વાદીષ્ટ અને ચટાકેદાર ઉંધીયું અને જલેબીનો શહેરમાં અંદાજીત રૂ.૫૦ લાખથી વધુનો વેપાર થશે. ગાંધીનગર શહેરમાં ઉંધીયું પ્રતિકિલો રૂ.૨૦૦ થી ૨૪૦ તેમજ જલેબી અને લીલવાની કચોરી રૂ.૨૪૦ના ભાવે વેચાણ થશે. જયારે શુધ્ધ ઘીની જલેબીનો પ્રતિકિલોનો ભાવ રૂ.૪૮૦ રહેશે.

ઉતરાયણ પર્વમાં ઉંધીયું આરોગવાનો જાણે અનેરો મહિમા છે. શાકભાજીના ભાવ ગગડ્યા છતા ઉંધીયાના ભાવમાં વેપારીઓ દ્વારા નજીવો ભાવ ઘટાડો કરવામાં આવ્યો છે. ત્યારે નોટબંધીના માહોલમાં સ્વાદીષ્ટ અને ચટાકેદાર ઉંધીયાનો સ્વાદ નાગરીકોને ફિક્કો લાગશે. જયારે મિત્ર મંડળ અને સોસાયટી ના રહિશો દ્વારા પણ ઉતરાયણ પર્વમાં ઉંધીયાની પાર્ટીઓ રાખવામાં આવી છે. તેમ છતા ગાંધીનગર શહેરમાં ઉતરાયણ પર્વને લઈ બજારો તેમજ વિવિધ ઠેકાણે ઉંધીયા અને જલેબીના સ્ટોલ લાગી ચુક્યા છે. વેપારીઓએ ઉંધીયુ બનાવવા માટેની તૈયારીઓ આરંભી દીધી છે. નગરના નાના વેપારીઓ અંદાજીત ૧૫૦ કિલો જયારે મોટા વેપારીઓ હજ્જારો કિલો ઉંધીયા જલેબીનું વેચાણ કરશે. ત્યારે વેપારીઓ દ્વારા આ વર્ષે ઉંધીયાનો ભાવ પ્રતિકિલોના રૂ.૨૦૦થી ૨૪૦ અને જલેબી અને લીલવાની કચોરીનો ભાવ રૂ.૨૪૦ રહેશે. જયારે શુધ્ધ ઘીની જલેબીનો ભાવ રૂ.૪૮૦ રહેશે. વેપારીઓ નાગરીકોની માંગને પહોંચી વળવા માટે બે અગાઉથી તૈયારી કરી દેતા હોય છે. તેમ છતા ઉતરાયણના દિવસે ઉંધીયું અન જલેબી ખરીદી માટે નાગરીકોની લાંબી લાઈનો શહેરમાં ઠેકઠેકાણે જોવા મળશે. ત્યારે શહેરમાં એક અંદાજ મુજબ રૂ.૫૦ લાખનું ઉંધીયું જલેબી નગરજનો ઝાપટી જશે. જયારે ગાંધીનગર જિલ્લામાં એક કરોડથી વધુનો વેપાર માત્ર ઉંધીયા અને જલેબીનો થવા પામે છે.

# મિત્રો પ્રેમમાં પડજો પણ ધાબા પરથી ન પડતા

## ઉત્તરાયણ પહેલા સોશ્યલ મિડીયા પર નેટીઝન્સ વચ્ચે ઉત્તરાયણની પોસ્ટોનું ધમાસાન

ગાંધીનગર, તા.૧૩

આજે ઉત્તરાયણ પર્વે આકાશમાં પતંગબાજો વચ્ચે આકાશી યુધ્ધ ખેલાશે પતંગબાજોના પતંગથી આખું ગગન રંગબેરંગી બની જશે ત્યારે ઉત્તરાયણની પૂર્વ સંધ્યાએ સોશ્યલ મિડીયામાં પણ ઉત્તરાયણ પર્વને લઈ નેટીઝન્સ અવનવી પોસ્ટ અને મેસેજ એકબીજાને સેન્ડ કરતા હાલ સોશ્યલ મિડીયામાં ધમાસાન શાબ્દીક યુધ્ધ ખેલાઈ રહ્યું છે. જેનો સૌ કોઈ આનંદ લઈ રહ્યા છે.

સોશ્યલ મિડીયા પર આવી જોક અને પોસ્ટ મિત્રો એકબીજાને મોકલી કરી રહ્યા છે.

● કુંવારાઓના ‘પેચ’ લાગી જાય અને પરણેલાઓને થોડી ઢીલ મળી જાય એવી મારા તરફથી સહુને ઉત્તરાયણની શુભેચ્છાઓ...

● ચાર રસ્તા પર ‘દોરી કવચ’ વેચતા માણસને એક પક્ષી પૂછે છે - આ શું છે?

વ્યાપારી કહે - આ ‘દોરી કવચ’ છે આને બાઈકની આગળ લગાવવાથી ગળા ન કપાય.

પક્ષીએ તરત પૂછ્યું - ભ’ઈ અમારા માપના મળશે?

● પુરૂષનું પણ પતંગ જેવું છે સાહેબ...કન્યા સારી બંધાય તો ઊંચી ઉડાન અને ખોટી બંધાય તો ગોળ ગોળ ફરતો થઈ જાય.

● તુ તારે કર્યા કર ખેંચમ ખેંચ અમે તો ઢીલ દેવામાં જ માનીએ

કઠણ તલના લાડુમાં કયાં હોય મીઠાશ, અમે તો શબરીના બોર બનવામાં જ માનીએ.

તું તારે પાયા કર કાચ તારા માંજાને, અમે તો સૌની ગૂંચ ઉકેલવામાં જ માનીએ.

અમે તો કોઈની દોરીમાં લપટાઈ જવામાં જ માનીએ.

● હમે તો પતંગને લૂંટા દોરી મેં કયા દમ થા, જહાં ચગાને કા મોકા મિલા વહા વાયરા કમ થા...

● પ્રેમની પતંગ ઉડાડજો..

નફરતના પેચ કાપજો..

દોરી જેટલો સંબંધ લંબાવજો

ઉત્તરાયણ આવી રહી છે મિત્રો દિલથી એને વધાવજો...

● તિલ હમ હૈ, ઓર ગુડ આપ... મિઠાઈ હમ હૈ, ઔર મિઠાશ આપ સાલ કે પહેલે ત્યોહાર સે હો રહી આજ શરૂઆત આપકો હમારી તરફ સે હેપ્પી મકરસંક્રાંતિ...

● જેટલી હવા માણસોમાં છે એટલી હવા કાલે છત પર હોય તો સારૂ..

● હર પતંગ જાનતી હૈ, અંત મેં કચરે મેં જાના હૈ, લેકીન ઉસકે પહેલે હમે આંસમાન છૂકર દિખાના હૈ, જીંદગી ભી યહી ચાહતી હૈ.

● કબૂતરના બચ્ચાએ પૂછયું - માં ઉત્તરાયણ એટલે શું?

કબૂતરે જવાબ આપ્યો - ભૂકંપ કુદરતી હોનારત છે માનવ માટે ઉત્તરાયણ માનવ સર્જીત હોનારત છે આપણા માટે...

● મિત્રો પ્રેમમાં પડજો પણ આજે ધાબા પરથી ન પડતા..

● કાલે મેં તને બુમ પાડી તો તમે મોં કેમ ફેરવી લીધું હતું?

આવું નહીં કરવાનું, તમે ઝંડો લઈને પતંગ લૂંટો એટલે રીલેશન પણ ભૂલી જવાના દોસ્ત....

# ચિલોડા બજાર પતંગ રસિયાઓથી છલકાયું





ઉત્તરાયણનો ઉમંગ પતંગ બજારોમાં ઉમટેલા પતંગ રસિયાઓની ખરીદીમાં દેખાઈ રહ્યો છે. નોટબંધીને એકબાજુ હડસેલી હરહંમેશની જેમ ઉત્સવને ધમાકેદાર રીતે ઉજવવા લોકોમાં થનગનાટ દેખાઈ રહ્યો છે. ચિલોડા બજારમાં પતંગ, રંગબેરંગી દોરીઓ, ભુંગળા, ચશ્મા, ટોપીની ખરીદી માટે માનવ મહેરામણ ઉમટી પડયું છે. તો ગૃહિણીઓ પણ આ તહેવારમાં મજા પડી જાય તે માટે ચિકી, બોર, શેરડી, તલની લાડુડી વગેરે ખાદ્ય ચીજવસ્તુઓ ખરીદવા બજારમાં દોડી આવી છે. વધુમાં આ વર્ષે ઉત્તરાયણ શનિવારના રોજ છે અને બીજા દિવસે રવિવારની પણ રજા હોવાથી કાયદેસર બે દિવસ પતંગ રસિયાઓ ઉત્તરાયણની મજા માણશે. જેમાં ધાબા ઉપર કે છત ઉપર મ્યુઝિક સિસ્ટમ ગોઠવાઈ ગઈ છે જેમાં સંગીતની સુરાવલીઓ સાથે આકાશમાં પેચ લડાવી કાપ્યો કાપ્યોના અવાજો વાતાવરણને ગજવશે. હર હંમેશ ઉત્સવપ્રિય રહેલી ગુજરાતની પ્રજા કોઈ પણ ભોગે ઉત્સવનો આનંદ મેળવી જ લે છે જે હાલમાં ચિલોડા બજારમાં થઈ રહેલી ખરીદી ઉપરથી લાગી રહ્યું છે.

## પુસ્તકપ્રેમીઓ માટે ખાસ નોંધ

ગાંધીનગર, તા.૧૩

વિશ્વગ્રામ પ્રેરિત વિચાર કોર્નર જે દર માસના ત્રીજા રવિવારે ઉદ્યોગભવન કોર્નર ગ-૪ સર્કલ પાસે યોજાય છે. જેમાં પુસ્તકો ૪૦ થી ૬૦ ટકા ડિસ્કાઉન્ટથી આપવામાં આવે છે. જે આ માસે ૧૫ તારીખ રવિવારની જગ્યાએ તારીખ ૨૨ના રવિવારે યોજાશે. જેની તમામ પુસ્તકપ્રેમીઓએ નોંધ લેવા વિનંતી છે.

## ભારત વિકાસ પરિષદ દ્વારા ચીકી વિતરણ

ગાંધીનગર, તા.૧૩

ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર દ્વારા આજ રોજ ફતેપુરા (વારિગૃહ) ખાતે આવેલી પ્રાથમિક



શાળાના તમામ બાળકોને ઉત્તરાયણ પર્વ નિમિત્તે ચીકીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આપણા શાસ્ત્રોમાં બતાવ્યા મુજબ ઉત્તારાયણ ઉપર કરવામાં આવેલ દાનથી ઘણું પુણ્ય મળે છે. જેથી લગભગ ૨૫૦ જેટલા બાળકોને ૨૫ કીલો ચીકી અને ૧૩ કીલો મમરાના લાડુનું વિતરણ કરવામાં આવ્યું હતું. તદઉપરાંત સંસ્થા દ્વારા સે-૧૩ની સેવા વસતીમાં ચાલતા અભ્યાસ કેન્દ્રમાં પણ ચીકી વિતરણ કરવામાં આવ્યું હતું.

## નાગરિક સંરક્ષણ દળમાં વોર્ડનોની ભરતી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં નાગરિક સંરક્ષણ કચેરી તરફથી નાગરિક સંરક્ષણ દળમાં વોર્ડનોની ભરતી અંગેની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. જે તાલીમાર્થીઓએ નાગરિક સંરક્ષણની બેઝીક તાલીમ લીધેલી હોય તેઓએ નાગરિક સંરક્ષણ કચેરી, બ્લોક નં. ૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરમાં આવી ‘ક’ ફોર્મ ભરી જવા જણાવવામાં આવે છે.

## ‘હેપ્પીનેસ ઈન લાઈફ’ વિષય પર વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૧૩

સરકારી વિનયન કોલેજ સે-૧૫, ગાંધીનગરના સી.ડબલ્યુ.ડી.સી. દ્વારા ડૉ. કે.કે. વૈષ્ણવનું ‘હેપ્પીનેસ ઈન લાઈફ’ વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં ડૉ. વૈષ્ણવે તેમની સામાજીક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓના અંતે જીવનમાં આનંદિત કેવી રીતે રહી શકાય તેના પર સવિસ્તાર સમજણ પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં વાણીજય કોલેજના આચાર્યા ડૉ. એસ.જી. દેસાઈ, સે-૧૫ વિજ્ઞાન કોલેજના આચાર્ય, ડૉ. કમલ છાયા સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

## રોહિત સમાજ ગાંધીનગરનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા રોહિત સમાજ વિકાસ મંડળ ગાંધીનગરનો વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમ આગામી તા. ૨૮ જાન્યુઆરી ૨૦૧૭ને શનિવારના રોજ સે-૧૨ આંબેડકર હોલ ખાતે રાખવામાં આવેલ છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા રોહિત પરિવારના બાળકોના વર્ષ ૨૦૧૫-૧૬ના શૈક્ષણિક વર્ષની માર્કશીટની નકલ મંડળના મંત્રી મનુભાઈ રાઠોડ બ્લોક નં. ૪૨૩/૧, ચ ટાઈપ- સે-૬ ખાતે તા. ૧૮-૧-૨૦૧૭ સુધીમાં પહોંચાડવાની રહેશે તેમ સંસ્થાના મંત્રીએ જણાવ્યું છે.

## ‘સુંદરધામ’ ખાતે તૃતીય પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૩

શ્રી કષ્ટભંજન ગોદડીયા હનુમાનજીના મંદિરે તૃતીય પાટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સુંદરધામ ખાતે તા. ૧૫ થી ૧૭ જાન્યુઆરીના ત્રિ દિવસીય ધાર્મિક આયોજનમાં ભજન-કિર્તન, આનંદનો ગરબો, સુંદરકાંડના પાઠ સહિત દરરોજ યજ્ઞ અને રાત્રે સંતવાણીનો કાર્યક્રમ યોજાશે.

ગાંધીનગર-માણસા માર્ગ પર રાંધેજા નજીક આવેલ રેલવે ફાટક પાસે ‘સુંદરધામ’ શ્રી કષ્ટભંજન ગોદડીયા હનુમાનજીનું મંદિર આવેલ છે. આ સુંદરધામના તૃતીય પાટોત્સવ નિમિત્તે તા. ૧૫ જાન્યુઆરીને રવિવારના રોજ બપોરે ૧.૩૦ કલાકે વિવિધ ભજન મંડળો દ્વારા ભજન મહોત્સવ યોજાશે. તા. ૧૬ના રોજ બપોરે ૧.૩૦ કલાકે આંદના ગરબાના મંડળો દ્વારા આનંદનો ગરબો જયારે તા. ૧૭ના રોજ બપોરે ૧ કલાકેથી સાંજે ૫.૩૦ દરમિયાન ભારતી બાપુની વ્યાસપીઠે અખંડ ૧૦૮ હનુમાન ચાલીસાના પાઠનું પઠન કરવામાં આવશે. ત્યારબાદ ભાવિ ભકતો માટે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે આ સુંદર ધાર્મિક પ્રસંગે દરરોજ સવારે ૯.૦૦ કલાકે યજ્ઞ થશે. જયારે રાજયના ખ્યાતનામ કલાકારો દ્વારા સંતવાણીનો કાર્યક્રમ યોજાશે. ઉપરાંત તા. ૧૬ના રોજ સાંજે ૪થી ૬ કલાક દરમિયાન ભકતો માટે ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. સુંદરધામના ત્રીજા પાટોત્સવમાં આસપાસના ગામ અને શહેરના ભકતો મોટી સંખ્યામાં હાજર રહી દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવશે. આ પ્રસંગે સૌ ભકતોને ઉપસ્થિત રહેવા સુંદરધામ પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.



ઉત્તરાયણનું પર્વ એટલે આનંદ ઉત્સાહનો તહેવાર મકર સંક્રાંતિ નિમિત્તે નગરજનો શ્વાનને લાડુ તેમજ ગાયને ચારો ખવડાવીને દાન-પુણ્ય કરી સાત કર્મોનું ભાથુ બાંધે છે. ત્યારે શહેરમાં સેકટર-૩-ન્યુ ખાતે રહેતા નીલકંઠ સોસાયટીની મહિલાઓએ ૨૦ કિલોથી વધુના લાડવા બનાવી શ્વાનને ખવડાવે છે ત્યારે શ્વાન માટે લાડુ બનાવવાની કામગીરી કરતી બહેનો તસવીરમાં દશ્યમાન થાય છે.

## શહેરમાં ત્રિદિવસીય પક્ષી બચાવો અભિયાન

### સતત દસ વર્ષથી વનશ્રી ટ્રસ્ટ, વન વિભાગ અને ગીર ફાઉન્ડેશન દ્વારા યોજાતું પક્ષી બચાવો અભિયાન

ઉત્તરાયણની મજા, મોતની સજા પક્ષીઓ માટે સાબિત ન થાય તે હેતુથી છેલ્લા દસ વર્ષથી ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં વનશ્રી ટ્રસ્ટ અને ગીર ફાઉન્ડેશન દ્વારા પક્ષી બચાવો અભિયાન હાથ ધરવામાં આવે છે. આ વર્ષે પણ સળંગ ત્રણ દિવસ ૧૪, ૧૫, ૧૬ તારીખે આ અભિયાન સ્વયંસેવકો દ્વારા પુરું કરી પક્ષીઓને બચાવવાની કામગીરી કરવામાં આવશે.

વનશ્રી ટ્રસ્ટ દ્વારા ફાયર બ્રિગેડ ખાતે વોલેન્ટીયર કેમ્પ ગોઠવાય છે. જયાં પક્ષી ઈજા છે જાણ મળતા જ સ્વયં સેવકોની ટીમ પહોંચીને પક્ષીને બનતી સારવાર આપે છે અને પક્ષીને સારવાર કેન્દ્રને સોંપીને પક્ષીની રાહત માટે કાર્ય કરે છે. આ ભગીરથ કાર્યમાં વનશ્રી ટ્રસ્ટના સ્વયંસવકો, વિવિધ કોલેજો અને ખાનગી કંપનીના કર્મચારીઓ મળીને ૨૦૦ સ્વયંસેવકોની ટીમ સે-૧ થી ૩૦ અને આજુબાજુના વિસ્તારમાં પક્ષીઓ બચાવવાનું કાર્ય કરશે. સૌથી મજાની વાત એ છે કે દીન પ્રતિદિન આ સ્વયંસેવકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. જેમાં ૪૦થી પણ વધારે સાઈકલો અને ૨૫થી પણ વધારે ગાડીઓ હશે. આ અભિયાન સળંગ ત્રણ દિવસ તારીખ ૧૪, ૧૫ અને ૧૬ વહેલી સવારથી મોડી સાંજ સુધી ચાલશે અને પ્રકૃતિમાં પ્રાણ પુરતા પક્ષીઓને બચાવવામાં આવશે.

બર્ડ હેલ્પલાઈન નંબર - વનશ્રી ટ્રસ્ટ - ૮૪૬૦૬૧૯૫૧૯, ૯૮૨૪૨૫૬૪૧૦, ૯૯૯૮૮૧૦૭૧૯.

# નોબલ પ્રાઈઝ પ્રદર્શન નિહાળવાનો અનેરો લહાવો

## ગાંધીનગર જિલ્લાની શાળાઓ, કોલેજોના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વિજ્ઞાન જીજ્ઞાસુઓ માટે નોબલ પ્રાઈઝ પ્રદર્શન નિહાળવાનો અનેરો લહાવો

ગાંધીનગર, તા.૧૩

વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૭ના આયોજનના ભાગરૂપે ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અને ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા ગુજરાત સાયન્સ સીટી, સોલા રોડ, અમદાવાદ ખાતે તા. ૧૦-૧-૨૦૧૭થી તા. ૧૨-૨-૨૦૧૭ સુધી વિશિષ્ટ નોબલ પારિતોષિક તજજ્ઞો અને પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકો દ્વારા કરેલ શોધોના પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. નોબલ પ્રાઈઝ એકિઝબીશનનું ઉદઘાટન તા. ૯-




૧-૨૦૧૭ના રોજ ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ખુલ્લુ મુકવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં વૈકી રામકિષ્નન, એડા યોનાથ, ડૉ. રેન્ડી સ્કેમેન, હારોલ્ડ વાર્મસ, ડૉ. રિચાર્ડ જે. રોબટસ, સર્જ હરોરો, ડેવિડ જે. ગ્રોસ, વિલીયમ એસ્કો મોરનર, ડૉ. એચ.સી. હાર્ટમટ માઈકલ જેવા નોબલ પારિતોષિક વિજેતા વૈજ્ઞાનિકોની શોધોનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે તેમજ આ નોબલ લોરીયેટસના શોધો વિશેના વકતવ્યોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વિવિધ વૈજ્ઞાનિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. પ્રદર્શનનો વધુમાં વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વિજ્ઞાનપ્રેમી નાગરિકો લહાવો લે તે માટે ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા કોલેજો આ પ્રદર્શનનો લાભ લેવા માંગતી હોય તેમણે નિસર્ગ સાયન્સ સેન્ટર, સે-૨૩, ગાંધીનગર ખાતે સંપર્ક કરવો તદ ઉપરાંત ફોન નં. ૨૩૨૩૫૨૧૫, ૯૪૨૬૪૫૧૧૦૨, ૯૦૯૯૩૮૨૯૩૬ પર રજીસ્ટ્રેશન કરાવવા વિનંતી છે. આ પ્રદર્શન નિહાળવા માટે કોઈ પણ પ્રકારની ફી રાખવામાં આવેલ નથી આ પ્રદર્શન નિહાળવા માટેનો સમય સવારે ૧૦.૩૦થી ૬.૦૦ રાખવામાં આવેલ છે.



તાલુકાના ચિલોડા સ્થિત હોમિયોપેથી દવાખાને પુણ્યનક્ષત્ર નિમિત્તે પાંચ વર્ષ સુધીના નાના ભુલકાંને સુવર્ણપ્રાશનના બે ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. નાના બાળકમાં પોષણની જરૂરિયાત પ્રમાણે બળ, બુદ્ધિ, મેધામાં વૃધ્ધિ થાય તથા બાળકની શારીરિક અને માનસિક તંદુરસ્તી સારી રહે તેમજ રોગ પ્રતિકારક શકિત વધે તેવા હેતુસર સુવર્ણપ્રાશનના ટીપાં પીવડાવવામાં આવે છે.

### ચિરવિદાય

- સ્વ. શાંતાબા લક્ષ્મણજી બિહોલા, ઉ.વ. ૮૦
- સ્વ. ડાહીબેન પ્રતાપજી ઠાકોર, ઉ.વ. ૮૪
- સ્વ. ગોવિંદભાઈ કાનજીભાઈ પટેલ, ઉ.વ. ૭૦